# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર ક્રમાંક : ૨૦૧ /૨૦૨૬

વિષય : ઉદયમ કોજન્ટ પોર્ટલ મારફતે રાજ્ય સરકારશ્રીના ચાલુ જોડાણ અંગેના જાહેરનામાની ઓનલાઇન દરખાસ્ત મોકલવા બાબત.

સંદર્ભ : ૧. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૮/૦૧/૨૦૨૫ નો પરિપત્ર જા.નં.ISC-7/જોડાણ/૨૦૨૫/૪૦-૭૪

૨. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૧૬૭/૨૦૨૬, તા.૦૬/૦૮/૨૦૨૬

આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર ધોરણે અભ્યાસક્રમો ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ સંસ્થાઓના વડાશ્રીઓ/ડીનશ્રીને જણાવવાનું કે, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના સંદર્ભદર્શિત પરિપત્ર અનુસાર આ યુનિવર્સિટી સાથે સંલગ્નતા ધરાવતી ખાનગી ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા સંચાલિત ખાનગી કોલેજોની ચાલુ જોડાણ અંગેના જાહેરનામાની દરખાસ્તો ફરજીયાતપણે ઓનલાઇન ઉદયમ કોજન્ટ પોર્ટલના એફીલીએશન મોડ્યુલ દ્વારા ઓનલાઇન મોકલવાની થાય છે.

આથી આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના જોડાણ સંદર્ભેની જોગવાઇ અન્વયે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૭-૨૮ થી જોડાણના સાતત્યમાં ચાલુ જોડાણ માટેની અરજીઓ મંગાવવામાં આવેલ છે. માટે જે સ્વનિર્ભર કોલેજોને રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી મળી ગયેલ હોય તેવી તમામ સ્વનિર્ભર કોલેજોએ ઉદયમ કોજન્ટ પોર્ટલ પર ચાલુ જોડાણના જાહેરનામા માટે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૭-૨૮ ની ચાલુ જોડાણ અંગેની દરખાસ્ત ઉદયમ કોજન્ટ પોર્ટલ મારફતે ઓનલાઇન કરવાની રહેશે. સદર કાર્યવાહી સંદર્ભ-૨ ના પરિપત્રમાં દર્શાવેલ નિયત સમયમાં જ સંબંધિત કોલેજ/સંસ્થાએ તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, સંલગ્ન સંસ્થા/કોલેજોને રાજ્ય સરકારશ્રીના ચાલુ જોડાણ અંગેના જાહેરનામાની ઓનલાઇન દરખાસ્ત કરી તેની પ્રિન્ટ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૭-૨૮ ની ચાલુ જોડાણની દરખાસ્ત સાથે મોકલવાની રહેશે. અન્યથા દરખાસ્ત સ્વીકારવામાં આવશે નહીં તથા સંસ્થા દ્વારા ચાલુ જોડાણની ઓનલાઇન દરખાસ્ત કરવામાં નહીં આવે તો શૈક્ષણિક વર્ષ : ૨૦૨૭-૨૮ કે તે પછીના આગામી શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થી પ્રવેશ/કોલેજ જોડાણ અંગેના કોઇપણ પ્રશ્ન ઉદભવશે તો તેની સઘળી તમામ જવાબદારી સંબંધિત સંસ્થા/કોલેજના આચાર્યશ્રી/મેનેજમેન્ટની રહેશે.

માન.કુલપતિશ્રીની ફાઇલ પર મળેલ મંજૂરી અનુસાર,

કુલસચિવ

નં.- એકે/જોડાણ/ટે-૨/ ૪૬૭૨ /૨૦૨૬

તારીખ ૧૮/૦૯/૨૦૨૬

પ્રતિ,

આ યુનિવર્સિટી સંલગ્ન સંલગ્ન સ્વનિર્ભર ધોરણે અભ્યાસક્રમ ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રી/સંસ્થાના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

નકલ સાદર રવાના જાણ સારૂ:

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૨) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમ. ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૪) આસિ.રજીસ્ટ્રારશ્રી, એકેડેમિક શાખા, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૫) સિસ્ટમ એનાલિસ્ટશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ (વેબસાઇટ પર મુકવા સારૂ)

(૬) સંબંધિત ફાઇલે.